## સંગ્રામ ગુજરાતનો

# હું તો સામાન્ય પરિવારનો સંતાન છું, મારી કોઈ ઓકાત નથી : મોદી

### વડાપ્રધાન મોદીએ સુરેન્દ્રનગર રેલીમાં કોંગ્રેસ પર પ્રહાર કર્યા : સુરેન્દ્રનગરમાં રેલીને સંબોધતા મોદીએ કહ્યું વિકાસના કામોમાં અમે હિસાબ આપવા તૈયાર છીએ પણ કોંગ્રેસ વાળા હવે વિકાસની વાત જ નથી કરતા



સુરેન્દ્રનગર, તા.૨૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના જ દિવસો બાકી છે. ચૂંટણી પ્રચારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એન્ટ્રીને લઈને શબ્દયુદ્ધ વધુ તેજ બન્યું છે. કોંગ્રેસના નેતા મધુસૂદન મિસ્ત્રીએ કહ્યું હતું કે પીએમ મોદીને ચૂંટણીમાં તેમની યોગ્યતા બતાવશે. આ નિવેદન પર પલટવાર કરતા પીએમ મોદીએ કોંગ્રેસ પર નિશાન સાધ્યું છે. ત્યારે ચૂંટણી પ્રચાર દરમ્યાન વડાપ્રધાન મોદીએ સુરેન્દ્રનગરથી સંબોધન કરતા કહ્યું કે વિકાસના કામોમાં અમે હિસાબ આપવા તૈયાર છીએ પણ કોંગ્રેસ વાળા હવે વિકાસની વાત જ નથી કરતા. કોંગ્રેસવાળા કહે છે કે આ મોદીને તેની ઓકાત બતાવી દઈશું, અરે મારી કોઈ ઓકાત નથી. હું સામાન્ય પરિવારમાંથી આવ્યો છું ભાઈ. અરે અમારી કોઈ ઓકાત નાથી, વિકાસના કામોની ચર્ચા કરો. અગાઉ ૨૦૧૭ વિધાનસભા ચૂંટણીમાં મણિશંકર ઐયરની ટિપ્પણી પર પણ ભાજપ તરફથી તીવ્ર પ્રતિક્રિયા આવી હતી અને વડાપ્રધઆન નરેન્દ્ર મોદીએ પ્રચારના બીજા તબક્કામાં ચૂંટણીનો માર્ગ બદલી નાખ્યો હતો.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા મધુસૂદન મિસ્ત્રીએ રાજીવ ભવનમાં પાર્ટીનો ઢંઢેરો લૉન્ચ કર્યા બાદ એક ટીવી ચેનલ સમક્ષ નિવેદન આપતા કહ્યું હતું કે 'તેઓ પીએમ મોદીને ગુજરાત ચૂંટણીમાં તેમની ઓકાત બતાવશે. પીએમ નરેન્દ્ર મોદી ગમે તેટલી કોશિશ કરે તેઓ સરદાર પટેલ બની શકતા નથી.' ત્યારે પીએમ મોદીએ સુરેન્દ્રનગરમાં ભાજપના ઉમેદવારના સમર્થનમાં એક સભાને સંબોધિત કરી હતી. આ દરમિયાન કોંગ્રેસ પર પ્રહાર કરતા પીએમે કહ્યું કે 'તેઓ સ્ટેટસની વાત કરે છે. તેઓ કહે છે કે તેઓ તેમની સ્થિતિ બતાવશે. હું કહું છું કે મારી કોઈ સ્થિતિ નથી. અમારી સ્થિતિ બસ સેવા પૂરી પાડવાની છે. તે રાજવી પરિવારમાંથી છે અને અમે નોકર છીએ.

સુરેન્દ્રનગરની રેલીમાં મધુસૂદન મિસ્ત્રીના નિવેદનનો જવાબ આપતા પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસ ઘમંડની ભાષા બોલે છે. અમારું કામ ગુજરાતને વિકાસની નવી ઊંચાઈઓ પર લઈ જવાનું છે.

## દહેગામના પૂર્વ ધારાસભ્ય કામિનીબાનું કોંગ્રેસમાંથી રાજીનામું



ગાંધીનગર, તા.૨૧

ગુજરાત વિધાનસભા ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો રહ્યા છે. ત્યારે જેમ જેમ ચૂંટણી નજીક આવી રહી છે પક્ષપલટો પણ વધી રહ્યો છે. તમામ પક્ષે પોતાના ઉમેદવારો જાહેર કરી દીધા છે. જોકે, આ દરમિયાન અનેક ટિકિટ ન મળતા અનેક ઉમેદવારોની નારજગી અને અનેક સમાજનો વિરોધ પણ સામે આવી રહ્યો છે. ત્યારે સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે વધુ એક નારાજ ઉમેદવાર પક્ષમાંથી રાજીનામું આપી શકે છે. દહેગામ કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય કામિની બા આજે પાર્ટીમાંથી રાજીનામું આપી શકે છે. કામિની બા કોંગ્રેસ છોડીને આજે જ ભાજપનો ખેસ ધારણ કરે તેવી પણ માહિતી મળી રહી છે. કોંગ્રેસે કામિની બા ને ધારાસભ્યની ટિકિટ ન ફાળવતા તેઓ પક્ષથી નારાજ છે. હવે તેઓ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાય તેવા એંધાણ છે. જિલ્લાની ૩૪ દહેગામ વિધાનસભા બેઠક માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા વર્તમાન ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણને રીપીટ કરવામાં આવ્યા છે અને કોંગ્રેસે વખતસિંહ ચૌહાણની પસંદગી કરી છે. ત્યારે કામિની બા રાઠોડે તેનો વિરોધ દર્શાવ્યો છે. થોડા દિવસ પહેલા દહેગામ વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય કામીની બાએ આ અંગે મોટું નિવેદન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસે આ બેઠક માટે મારી પાસે એક કરોડ માંગ્યા છે. મેં રૂપિયા ન આપ્યા તો અન્યો જોડેથી રૂપિયા લઈને ટિકિટ વેચી દીધી.

# રાજકોટમાં વિશાળ જનમેદની સાથે કોંગ્રેસનો ભવ્ય પ્રચાર

રાજકોટ,તા.૨૧

સુરતમાં સભા સંબોધ્યા બાદ રાહુલ ગાંધી રાજકોટ પહોંચ્યા હતા.



જ્યાં વિશાળ જનમેદની સામે તેમણે કોંગ્રેસનો ભવ્ય પ્રચાર કર્યો હતો. સાથે જ મંચ પરથી ભાજપ પર ઉદ્યોગપતિઓને લ્હાણી કરાવતો આરોપ પણ મૂક્યો. સંબોધનની શરૂઆત પહેલા તેમણે મોરબી દુર્ઘટના મુદ્દે ૨ મિનિટનું મૌન પાળ્યુ હતું. રાહુલ ગાંધીએ કહ્યું કે, અમે ભારત જોડો યાત્રા શરૂ કરી. આ યાત્રા શ્રીનગર સુધી જશે. શ્રીનગરમાં તિરંગે લહેરાવીશુ. આ યાત્રામા બહુ શીખવા મળી રહ્યું છે. યુવાઓ સાથે વાતચીત થઈ રહી છે. ખેડૂતો, મજૂરો, નાના વેપારીઓ સાથે વાત થઈ રહી છે. લોકો પ્રેમ વરસાવી રહ્યાં છે. પરંતુ ટીવીવાળા બહુ બતાવતા નથી. પરંતુ નદી જેવુ છે, રોજ સવારે છ વાગ્યે શરૂ થાય, અને રાતે પૂરી થાય. દુખ એટલુ છે કે યાત્રા ગુજરાતમાંથી ન નીકળી.

આ સભામાં ઈન્દ્રનીલ રાજગુરૂએ કહ્યુ હતું કે, કોંગ્રેસની હું માફી માંગી માંગુ છું. હું ભૂલથી ભટકી ગયો હતો. હું આમ આદમી પાર્ટીમાં ગયો હતો. એ કોઈ કટ્ટર ઈમાનદાર પાર્ટી નથી, પરંતું ભ્રષ્ટચારી પાર્ટી છે. મેં એ લોકોને નજીકથી જોયા છે.

### રસના ગ્રુપના ફાઉન્ડર ચેરમેન
## આરીઝ ખંભાતાનું હૃદયરોગના હુમલામાં દુ:ખદ નિધન થયું

અમદાવાદ, તા.૨૧

જાણીતા ઉદ્યાગપતિ, સમાજસેવી અને પરોપકારી તથા રસના ગ્રુપના ફાઉન્ડિંગ ચેરમેન આરીઝ ખંભાતાનું મોડી રાત્રે કાર્ડિયાક એરેસ્ટના કારણે નિધન થયું હતું. ૮૫ વર્ષીય ઉદ્યોગપતિ લાંબા સમયથી બીમારીથી પીડાઈ રહ્યા હતા. તેમના પરિવારમાં તેમની પત્ની પર્સિસ અને બાળકોમાં પીરૂઝ, ડેલ્ના અને રૂઝાન છે. આ સમાચાર સાથે જ તેમના પરીવાર અને પારસી સમાજમાં ભારે શોકની લાગણી ફેલાઈ છે. આપને જણાવી દઈએ કે, રસના ભારતની સૌથી મોટી અને અગ્રણી સોફ્ટ ડ્રિંક બ્રાન્ડ છે. જેનો સ્વાદ દેશના દરેક નાગરિકની જીભ પર રહેલો છે. આ સમચારની જાણકારી રસના ગ્રુપ દ્વારા એક નિવદેનમાં આપવામાં આવી છે. રસના ગ્રુપે બહાર પાડેલા એક ઓફિશ્યલ નિવેદનમાં જણાવ્યા અનુસાર, "ખૂબ જ દુ:ખ અને શોક સાથે અમે ૧૯ નવેમ્બરના રોજ તેમના નિવાસ સ્થાને રસના ગ્રુપના ફાઉન્ડિંગ ચેરમેન આરીઝ ખંભાતા બેનેવોલન્ટ ટ્રસ્ટ અને રસના ફાઉન્ડેશનના ચેરમેન – આરીઝ ખંભાતાના દુ:ખદ નિધનની જાહેરાત કરીએ છીએ."

# રાહુલ ગાંધીનો પીએ બનીને લાખો રુપિયા પડાવી લીધા

### આરોપીની પંજાબથી ધરપકડ : અહીં તે પોતાના સાથીદાર ગૌરવ શર્મા સાથે મળીને રેકેટનું સંચાલન કરતો હતો

વડોદરા, તા.૨૧

માત્ર ચોથું પાસ એક ઠગે સામાન્ય માણસો નહીં, મોટા નેતાઓને પોતાના શિકાર બનાવ્યા અને તેમની પાસેથી લાખો રુપિયા પડાવ્યા. છેતરપિંડી કરનાર આ વ્યક્તિ પોતાની જ જાળમાં ફસાયો અને આખરે તેની ધરપકડ કરવામાં આવી છે. મૂળ પંજાબનો રહેવાતી રજત કુમાર મદાન પાછલા થોડા વર્ષોમાં દેશના અનેક રાજનેતાઓને છેતરી ચૂક્યો છે. તમામ નેતાઓને લૂંટવા માટે તે એક જ પદ્ધતિનો ઉપયોગ કરતો હતો. રવિવારના રોજ સાઈબર ક્રાઈમ દ્વારા તેની ધરપકડ કરવામાં આવી છે. રજત કુમાર મદાનની પંજાબથી ધરપકડ કરવામાં આવી હતી. અહીં તે પોતાના સાથીદાર ગૌરવ શર્મા સાથે મળીને એક રેકેટનું સંચાલન કરતો હતો. પોલીસનું કહેવું છે કે આ બન્ને આરોપીઓએ એક જ પાર્ટીના અનેક નેતાઓ પાસેથી પૈસા પડાવ્યા છે. તે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના પર્સનલ આસિસ્ટન્ટ બનીને નેતાઓને મળતા હતા. સાયબરક્રાઈમના છૠ હાર્દિક માકડિયા જણાવે છે કે, તેઓ પાછલા ઘણાં વર્ષોથી આ કરી રહ્યા છે. જ્યારે પણ રાજ્યમાં ચૂંટણીની જાહેરાત થાય ત્યારે આ ગેન્ગ સક્રિય બની જાય છે અને ઉમેદવારો તેમજ વર્તમાન ધારાસભ્યોની જાણકારી એકઠી કરવા લાગે છે.



ગાંધીનગર ઉત્તર વિધાનસભાના કોંગ્રેસના ઉમેદવાર વિરેન્દ્રસિંહ વાઘેલાએ ડોર ટુ ડોર પ્રચાર અભિયાન હેઠળ સેક્ટર-૫ માં પ્રચાર કર્યો હતો. ઠેર ઠેર વસાહતીઓએ તેમનુ અભિવાદન કર્યુ હતુ. ખોડિયાર મંદિર દ્વારા વિરેન્દ્રસિંહનું સ્વાગત કરવામાં આવ્યુ હતુ.

# રીવાબાના પ્રચારમાં રવિન્દ્ર જાડેજા કેમ દેખાતા નથી?

### શું ટીમ ઈન્ડિયાના અન્ય ક્રિકેટરો જોડાશે પ્રચારમાં રીવાબા જાડેજાએ મિકેનિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો હતો અને UPSC પરીક્ષાની તૈયારી પણ કરી હતી

અમદાવાદ, તા.૨૧

૨૦૨૨ની ગુજરાત વિધાનસભા ચૂંટણી માટે ભાજપ દ્વારા જે ઉમેદવારોને ટિકિટ આપવામાં આવી છે તેમાં રવિન્દ્ર જાડેજાની પત્ની રીવાબાની સૌથી વધુ ચર્ચા થઈ રહી છે. ભારતીય જનતા પાર્ટીએ જામનગર ઉત્તરમાંથી રીવાબાને ટિકિટ આપી છે. રિવાબા તેના ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે, જોકે તેના પતિ અને ટીમ ઈન્ડિયાના સ્ટાર ક્રિકેટર રવિન્દ્ર જાડેજા હજુ સુધી તેની સાથે દેખાયા નથી. હવે રીવાબાએ જવાબ આપ્યો છે કે આવું કેમ છે. રીવાબાએ આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે ટૂંક સમયમાં રવિન્દ્ર જાડેજા તેમની સાથે ચૂંટણી મેદાનમાં પ્રચાર કરતા જોવા મળશે. તેમણે કહ્યું કે આ નિર્ણય પાર્ટી લે છે. જો પાર્ટી નક્કી કરશે તો તે પ્રચારમાં જોડાશે. ટીમ ઈન્ડિયાના અન્ય ક્રિકેટરો પ્રચાર કરશે કે નહીં તે અંગે રિવાબાએ કહ્યું કે હું આ અંગે કંઈ કહી શકું તેમ નથી. રીવાબા જાડેજાએ મિકેનિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો હતો અને UPSC પરીક્ષાની તૈયારી પણ કરી હતી.



ચૂંટણી પ્રચારમાં ગરમાવો... વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે પ્રચારકાર્ય જોરશોરથી ચાલી રહ્યુ છે. ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ભાજપના ઉમેદવાર રીટાબેન પટેલે સેક્ટર-૫ માં ડોર ટુ ડોર ચૂંટણીપ્રચાર કર્યો હતો. તેઓએ મતદારોને મળી સૌને મતદાન કરવા અપીલ કરી હતી.

### મેદાનમાં રહ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બી.એસ.પી. ઉપરાંત ૬ ઉપક્ષો મેદાનમાં છે.

માણસા બેઠક પર ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, પ્રાદેશિક પક્ષો અને ૪ અપક્ષ ઉમેદવારો મેદાનમાં છે.

ગાંધીનગર(ઉ) બેઠક પર ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી ઉપરાંત પ્રાદેશિક પક્ષ તેમજ ૬ અપક્ષ ઉમેદવારો મેદાનમાં છે.

ગાંધીનગર(ઉ) બેઠક પર ભાજપ-કોંગ્રેસ, આમ આદમી પાર્ટી તેમજ પ્રાદેશિક પક્ષ અને પાંચ અપક્ષ ઉમેદવારો મેદાનમાં છે.

દહેગામ બેઠક પર ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, પ્રાદેશિક પક્ષ અને એક અપક્ષ ઉમેદવાર મેદાનમાં છે.

જિલ્લાની પાંચ બેઠક પર ૨૨ અપક્ષ ઉમેદવારો મેદાનમાં છે. આ ઉપરાંત નેશનલ યુથ પાર્ટી, રાષ્ટ્રીય હિન્દુ એકતા દલ, આદિ ભારત પાર્ટી, ગરવી ગુજરાત પાર્ટી, રાઈટ ટુ રિકોલ પાર્ટી, વ્યવસ્થા પરિવર્તન પાર્ટી, ભારતીય જન પરિષદ, જનસેવા ડ્રાયવર પાર્ટીના ઉમેદવારો પણ મેદાનમાં છે.

જિલ્લામાં ચૂંટણી ચિત્ર સ્પષ્ટ બનતાં જ જાહેરસભાઓ, જાહેર પ્રચારનો ધમધમાટ પણ વધી જશે.

### માસ્ટર પ્લાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી હતી. જેના અંતે લારી ગલ્લા અને ઝુંપડા સહીત શેડના દબાણોનો સફાયો કરી જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી. હાલની સ્થિતિએ પણ સેકટરોમાં દબાણોની હારમાળા જોવા મળે છે. સેકટરોમાં લારી ગલ્લા સહીત ફેન્સીંગના દબાણો પણ વિશેષ છે જેના લીધે સરકારી જગ્યામાં હરિયાળી નિખારવાના નામે દબાણો અસ્તિત્વમાં આવતા કોમન પ્લોટની જગ્યા પણ બ્લોક થઈ ગઈ છે. જેના લીધે આગામી દિવસોમાં સેકટરોમાં પાર્કીંગની સમસ્યા પણ પેચીદી બનશે. શહેરના સેકટરોમાં દબાણનો પ્રશ્ન પેચીદો બન્યો છે. દબાણોએ અજગર ભરડો લીધો છે. ત્યારે આગામી દિવસોમાં સેકટરોમાં દબાણ દુર કરવા માટે પણ આયોજન કરવામાં આવશે. જેમાં સેકટરોમાં લારી ગલ્લા અને ઝુંપડાના દબાણો દુર કરાશે. સેકટરોમાં વધતા દબાણો મામલે તંત્રને સતત સ્થાનિકો દ્વારા ફરિયાદો પણ મળી રહી છે. હાલ તો વન આરક્ષિત વિસ્તાર પણ દબાણોની ગિરફતમાં છે. વન વિસ્તારમાં પણ ઝુંપડા અને લારી ગલ્લાના દબાણો વધી રહ્યા છે. જયારે રહેણાંક વિસ્તાર નજીક દબાણો વધતા સ્થાનિકો માટે પણ રોજબરોજ નવા પ્રશ્નો ઉભા થાય છે. આ મામલે સ્થાનિકો દ્વારા તંત્ર સમક્ષ પણ રજુઆતો કરવામાં આવી રહી છે. છેલ્લા એકાદ વર્ષથી દબાણો વધતા સેકટરવાસીઓની ફરિયાદો વધી છે. જયારે સ્થાનિકોની ફરિયાદો નિવારવા માટે પણ તંત્ર કક્ષાએ વિચારણા હાથ ધરવામાં આવી હતી આગામી દિવસોમાં દબાણો દુર કરવા માટે પ્લાન પણ તૈયાર કરાશે. જો કે આ દબાણો કાયમી ધોરણે દુર કરવામાં આવે તેવી માંગણી પણ સ્થાનિકોમાં પ્રબળ બની છે. બીજીતરફ સેકટરોમાં કોમન પ્લોટમાં પણ હાલ પાર્કીંગની સમસ્યા જટીલ સ્વરૂપે ઉભરતી નજરે પડે છે. સેકટરોના રહેણાંક વિસ્તારમાં બહાર તોતિંગ કુંડી કરવા સહીત પેવર બ્લોકના નામે પણ જગ્યા પર કબજો જમાવી લેવામાં આવે છે. જયારે સરકારી જગ્યામાં ફેન્સીંગ કરીને હરિયાળી નિખારવાના નામે દબાણો ઉભા કરાય છે. આ સ્થિતિ વચ્ચે સ્થાનિકો પરેશાન છે. વાહન પાર્કીંગના મામલે પણ સ્થાનિકોએ સંઘર્ષમાં ઉતરવુ પડે છે. સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે દબાણો દુર કરવા અસરકારક પગલા લેવાય તેવી પણ માંગ ઉઠવા પામી છે.

### પાણીનો બગાડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોડાણની સંખ્યા ૬૦ હજાર આસપાસ પહોંચે છે. મતલબ કે મીટરથી ૨૪ કલાક પાણીની યોજના અમલી કરવા માટે મોટી સંખ્યામાં મીટર મુકાશે.પ્રાપ્ય માહિતી અનુસાર એક નળમાંથી દર સેકન્ડે પાણીનું એક ટીપું ટપકતું રહે તો મહિને ૭૬૦ લીટર અને વર્ષે ૪૬ હજાર લીટર પાણીનો બગાડ થાય છે . જયારે આ બગાડ અટકાવવા ઘરમાં અને ઘર બહારના પાણીના જોડાણના દરેક નળ ટપકતા ન રહે આ માટે દરેક નાગરિકોએ જાગૃત બનવાની અનિવાર્યતા છે .ઘણા ઠેકાણે મહામુલા પાણીનો બગાડ થાય છે અલબત્ત પાણીના નળ ખુલ્લા છોડી દેતા હોય છે અને ઘણા સ્થળે પાઈપ પર ચકલી જ હોતી નથી. આ મુદ્દે જાગૃતિ દાખવવી અનિવાર્ય છે અને આગામી પેઢીઓ માટે અમુલ્ય જળને બચાવવાનું ખુબ જરૂરી હોવાથી પાણીનો સાચવીને કરવાની સાથે ગાંધીનગરમાં પાણીનો બગાડ અટકાવવા પણ નાગરિકો જાગૃત થાય તે અનિવાર્ય છે

### જમાવટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુકાયા છે. હવામાન તજજ્ઞોના મતે ધીમે ધીમે વધતી ઠંડી કાતિલ બનશે આગામી દિવસોમાં કોલ્ડવેવ વચ્ચે ઠંડીનો પારો સિંગ્લ ડીઝીટમાં આવી જશે. શહેરમાં વધતી ઠંડીના લીધે રાત્રિના સમયે માર્ગો પર બિનજરૂરી ચહલ પહલ પણ ઘટી છે. મોસમના બદલાતા મિજાજની અસરથી નગરજનો પ્રભાવિત છે.

### ભૂકંપ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેની જગ્યાએથી ખસવા લાગ્યું હતું. ૨૨ વર્ષના એક વકીલે પોતાની આંખે જોયેલી ઘટના જણાવતા કહ્યું કે, કેવી રીતે લોકો એટલા ગભરાઈ ગયા હતા કે તેઓ બહાર નીકળવાનો રસ્તો શોધી રહ્યા હતા. તેઓ ઝડપથી બિલ્ડિંગમાંથી બહાર નીકળવા માંગતા હતા.

### ટ્વીટર

● અનુસંધાન પહેલાનું ચાલુ

હવે બંધ થઈ જશે. જોકે, મસ્કે આ મુદ્દે પણ એક ટ્વીટ કરી. તેમણે ટ્વીટ કરી 'ટ્વીટર ઈસ અલાઈવ'. એટલે કે ટ્વીટર જીવિત છે. મસ્કના આ ટ્વીટને અત્યાર સુધી ૧૦ લાખથી વધારે લોકો લાઈક કરી ચૂક્યા છે. જ્યારે ૧ લાખથી વધુ વખત આને રિટ્વીટ કરાઈ ચૂકાઈ છે. એલન મસ્ક કંપનીમાં સતત ઘણા પરિવર્તન કરી રહ્યા છે. આ કારણથી ઘણા યુઝર્સ નારાજ પણ જોવા મળી રહ્યા છે. તાજેતરમાં જ તેમણે અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ટ્વીટર એકાઉન્ટ વાપસીને મુદ્દે એક પોલ કર્યો હતો.

### દાખલ કરશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેન્દ્રએ તેને ન્યાય આપવામાં વિફળતા જણાવી હતી. રાજીવ ગાંધીની હત્યાના તમામ છ આરોપી પર ચુકાદો સંભળાવતી વખતે, સર્વોચ્ચ અદાલતે અવલોકન કર્યું હતું કે, જેલમાં બંધ આરોપીઓ એસ નલિની, જયકુમાર, આરપી રવિચંદ્રન, રોબર્ટ પિયાસ, સુતેન્દ્રરાજા અને શ્રીહરન સારા વર્તન માટે જેલમાંથી મુક્ત થયા છે.

### ૧૨ના મોત

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગયા છે. તો વળી ટ્રક ચાલક ગાડીમાં ફસાઈ ગયો છે. અમુક લોકો ટ્રકની અંદર દબાયેલા હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઘટનાસ્થળે લોકોની ભારે ભીડ ઉમટી છે. પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ છે. કહેવા છે કે ટ્રક ચાલક દારુના નશામાં ટ્રક ચલાવી રહ્યો હતો. મનોજ રાયના શખ્સના ઘરે ભુંઈયા બાબાની પૂજા ચાલી રહી હતી, જેમાં લોકો ભેગા થયા હતા. મરનારા લોકોમાં બાળકો પણ સામેલ છે. ટ્રક ચાલક પણ ગાડીમાં ફસાયેલો છે. ડ્રાઈવરને લોકો બહાર કાઢવા દેવા માગતા નથી. જ્યારે પોલીસ ટ્રક ચાલકને બહાર કાઢવાના પ્રયાસ કરી રહી છે.

### માલગાડી

● અનુસંધાન પહેલાનું ચાલુ

અધિક્ષક રાહુલ પીઆરએ જણાવ્યું હતું કે, કોરેઈ સ્ટેશન પર મોટી સંખ્યામાં મુસાફરો બલૌર-ભુવનેશ્વર ડીએમયુમાં સવાર થવા માટે રાહ જોઈ રહ્યા હતા ત્યારે એક ઝડપી માલગાડી અચાનક પાટા પરથી ઉતરી ગઈ હતી અને તેના કેટલાક કોચ પ્લેટફોર્મ પર ચઢી ગયા હતા જેણે રાહ જોઈ રહેલા લોકોને કચડી નાખ્યા હતા. તેમણે કહ્યું કે, અકસ્માતમાં ઓછામાં ઓછા ૨ લોકોના મોત થયા છે અને એક બાળક સહિત ૨ અન્ય લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. અમને આશંકા છે કે, બોગીની નીચે હજુ પણ ઘણા લોકો ફસાયેલા હોઈ શકે છે. મોટાપાયે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે.